# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





વર્ષ ૫૨, અંક : ૨, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૨, સંવત - ૨૦૭૮ મહા વદ - ૫, સોમવાર

દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામિશ્રીજી
ગુણાતીત સમાજમાં

૯ ૨ ૧ અનુગ્રહ શિબિર
નો સાર No merit કૃપા =
મહારાજે: ગુણ - લાયકાત જોયા - વગર
વિના - શરત અપનાવ્યો તેને લાયક ગણી લેવું: અહં
મમત્વ દૂર કરી બ્રહ્મરૂપ કરી પરબ્રહ્મ ધારતો
કરી દીધા તેનું કલ્યાણ - સંબંધમાં આવ્યો તેનું
આત્યંતિક કલ્યાણ ભાર પપ્પાના ગુણાતીત સ્વરૂપોએ
કર્યું: પપ્પાજી સંબંધમાં આવ્યો તે સવળા હોય
કે કેસ હોય તે બધાનું સંકલ્પ કરીને જોઈને
પ્રાપ્તિ વાયદો? આત્યંતિક કલ્યાણ કર્યું -
સવળાને રીપેર રીપેર કરી સાધુ બનાવ્યા
કેસને રીપેર રીપેર કરી ભક્તિ ભાવતા—
સાધુ ભક્ત લાયકાત જોયા વગર કલ્યાણ
કર્યું તેવા તેમના ગુણાતીત સ્વરૂપોની રીત.
ગાઈ આપણી નિષ્ઠા નિર્ભય ભાગ્યશાળી નથી

પપ્પા




# ગુણાતીત જ્યોત

જ્ઞાનરૂપ દેહ સ્વરૂપમાં જોડવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

**સંજીવની મંત્ર : ૧૦**

આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – પપ્પા



### શ્રીજી રસામૃત

...નિષ્કામી વ્રત દ્રઢ રાખવા મનને વશ કરવું જે મન વિષે એવું મનન કરવું જે, 'હું આત્મા છું દેહ નથી' ને ભગવાનની કથા, શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહીં.

(વચ.ગ.મ.૩૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

ભગવાને કહ્યું છે જે, જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું એવો તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાનાદિક સાધને કરીને પણ વશ નથી થાતો. તે સત્સંગ તે શું ?

જે મોટા એકાંતિકને બે હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૧૭મી વાત)



### દિવ્યામૃત

આ ભગવાન તો શોધ્યા ના જડે. કારણ એનામાં ચળકાટ ન હોય. ચિંતામણી પત્થર જેવી જ લાગે. એમ આ સત્પુરૂષ કૃપા કરીને પોતે ઓળખાયા છે. હવે એ મનોરથ પૂરે કે ન પૂરે પણ પોતે જ પોતાનું સ્વરૂપ ઓળખાવવા જ બધું કરે છે ને કરશે.

(તા.૨૩.૩.૧૯૮૨)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૩ | બ્ર.સ્વ.શ્રી ભગતજી મહારાજના પ્રાગટ્યદિને... | ૬ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ | પ.પૂ.સાહેબજીના પ્રાગટ્યદિને... | ૭ |
| પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિને... | ૫ | સત્સંગ સમાચાર... | ૮ થી... |



# પપ્પાજીની પરાવાણી...

આપણને જે ગુણાતીત સ્વરૂપ મળ્યું છે તેમનામાં નિર્દોષભાવ ને હેત છે, તેમની પ્રસન્નતા અર્થે સેવા કરીએ છીએ. આપણે સેવામાં બદલાની રજ જેટલી પણ અપેક્ષા રાખી હશે તો દેહભાવનું દર્શન કરાવશે જ. એ ગુણાતીત સ્વરૂપની મહારાજ તરફની પતિવ્રતાની ભક્તિ છે. જે ચૈતન્ય એમને સંભારીને રાજી કરવાના હેતુથી સેવા કરે તો એને વહેલામાં વહેલી તકે ચોખ્ખો કરીને મહારાજને સોંપવાનો. એટલે દેહભાવનું દર્શન કરાવે જ. ને જ્યારે દેહભાવનું દર્શન થતું હોય ત્યારે મૂંઝવણ, વિક્ષેપ કે અભાવ આવે જ. બસુરું લાગે જ. જેટલા ભાગ આપણા ચોખ્ખા થઈ ગયા હશે તેટલા ભાગમાં શીતળતા રહેશે. ત્યાં લીલા દેખાશે. પછી આખી દુનિયા કે ગુરુ પણ વખાણે – વખોડે તો ય સ્મિત જ રહેશે, શીતળતા રહેશે.

એટલે આપણા ભગવાન રોકડિયા છે. નિષ્કામભાવની સેવાનો બદલો તત્કાળ આપે છે. દેહભાવનું દર્શન કરાવે, કાંતો અંતરમાં શીતળતા અર્પે. માન માટે, સ્વાદ માટે, પોતાના દેહભાવના પોષણના હેતુથી સેવા કરી હોય ત્યાં આપણે આંતરિક રીતે પાકા ના થયા હોઈએ તો આપણા દેહભાવનું દર્શન ના પણ કરાવે. ચલાવી લે. એ સાચવી લેવાની, ટકાવી રાખવાની પ્રક્રિયા છે જે જીવ સંબંધમાં આવ્યો તે પાછો પડી ના જવો જોઈએ. ધીમે ધીમે ઉગશે તેવી ઉદારતા રાખે.

બીજું, આપણને લીલા મનાતી ના હોય, ફલાણું – ઢીંકણું દેખાતું હોય તો ગુરુ આગળ નિષ્કપટ રહેવું કે મને આવું થાય છે. તો તે પ્રાર્થના કરી બળ આપશે. ને તમને તે આગળ લઈ જ જશે. આપણી સાધના અંતરની છે. અંતર તપાસવું કે મને કેવાં સ્પંદન થાય છે ? પછી તે આપણી પ્રાર્થનાથી ટળે તો સારી વાત છે ને તેમ છતાં ના ટળે તો જરૂર ગુરુને જણાવી દેવું. એવી જાગ્રતતા રાખીને વર્તીશું તો સાધનામાં અને સત્સંગમાં આગળ વધાશે. એટલે એવા જંગમતીર્થ બની જઈએ. પછી જ્યાં જઈશું ત્યાં, જેને સંબંધ થશે તેનું આત્યંતિક કલ્યાણ થઈ જશે. આપણે યોગીબાપાનું ઋણ ચૂકવવું છે. સતત બ્રહ્મની લીલા મનાયેલી રહે.

સર્વોપરી સ્થિતિ એટલે આધ્યાત્મિક સમતા. ને આવી સમતા દ્રઢ કરવા માટે અજપાજપ નામરટણ કર્યા જ કરીએ. આટલું શીખી લેવું છે. બીજા ઉપાય લેવાનું તો અનાદિ કાળથી ચાલ્યું જ આવે છે. બધાને બુદ્ધિથી રસ્તા લેવાનું સહજ છે. જરૂર તેનાથી રક્ષા થાય પણ તે પરમેનન્ટ ના થાય. માથું દુખ્યું ને બામ ઘસીએ તેવું થશે. એના કરતાં પ્રભુ પર બધું છોડી દઈએ. પ્રભુને સંભારીએ. નામરટણ કરીએ તો સર્વોપરી રસ્તો નીકળશે. આ સુખી થવાનો ઉત્તમ માર્ગ છે. પ્રસંગોમાં પ્રભુનું કર્તાહર્તાપણું નહીં માનીએ ને સામાનું મૂલ્યાંકન કરીશું તો આપણે જ મૂંઝાઈશું. માટે હરેક પળે પ્રભુની સત્તા સ્વીકારી, મહિમાના વિચાર કર્યા કરીશું તો આઠે પહોર અહોહોભાવ રહેશે...

(તા.૨૫.૯.૧૯૮૫)



# પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિને...

પારદર્શી જ્યોતિબેન
એક વિરલ વિભૂતિ
જેમનું પ્રત્યેક કાર્ય પારદર્શક છે
જેમનું વ્યક્તિત્વ જ પારદર્શી છે.
એવી પરમની જ્યોતિ

★ એમનો પારદર્શક પ્રકાશ પરમના પ્રકાશમાં સમાઈને સૌની સ્વની અસ્મિતાને વિલિન કરી રહ્યો છે.

★ એમની પારદર્શક દ્રષ્ટિમાં દ્રષ્ટાધિરાજ પપ્પાજીનું જ પ્રતિબિંબ દેખાયું ને એ નિર્મળ દ્રષ્ટિમાં અનેક નયનોએ પોતાના આરાધ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં.

★ એમના પારદર્શક હાસ્યમાં છલકાતી નિર્દોષતામાં પપ્પાજીનું નિર્મલ સ્મિત હસી રહ્યું જેણે અનેક જીવોનો જીવભાવ ટાળી દીધો.

★ એમની પારદર્શક નિષ્ઠામાં દેખ્યો પપ્પાજી પ્રત્યેનો દ્રઢ વિશ્વાસ. એ વિશ્વાસે અનેકના અંતરઆતમમાં પોતાના સેવ્યસ્વરૂપ પ્રત્યેની દ્રઢ નિષ્ઠાના પાયા પૂર્યા.

★ એમના પારદર્શક સાહસમાં પ્રભુપ્રાપ્તિની શૂરવીરતાનો, ઝંખનાનો ભક્તિમાર્ગ દેખાયો, એ સાહસે નારીને નારાયણી બનવાનો રાહ ખુલ્લો કરી દીધો.

★ એમની પારદર્શક પ્રીતિમાં દીઠી પ્રત્યેક જીવ પ્રત્યેની કરૂણા. જેમાં પ્રત્યેક પળે વહેતું પારદર્શક પ્રેમનું ઝરણું, એ ઝરણાના પ્રેમામૃતનું પાન કરીને ચૈતન્યો હૈયામાં શીતળ હળવાશ માણી રહ્યા છે.

★ એમના મુખારવિંદ પરના ઉત્સાહમાં એવી પારદર્શકતા નિહાળી જાણે આપણને થાય કે આ પળે જ જીવોનાં પ્રારબ્ધ ઉકેલી નાખી, તેને પપ્પાજીની પ્રાપ્તિ કરાવી જન્મોજન્મના સુખિયા કરી દઉં તેવી તાલાવેલી દેખાતી.

★ પપ્પાજી સાથેના જ્યોતિબેનના તાદાત્મ્યમાં જીવ-શિવની એકરૂપતા દીઠી. જેમાં પારદર્શક દાસત્વભાવના દર્શન થયાં.

★ સાથીમિત્રો સાથેની મિત્રતામાં પારદર્શકતા નિહાળી જેમાં દીઠી નરી નિઃસ્વાર્થતા.

★ જ્યોતિબેનની પારદર્શક રસબસતાની તો વાત જ શી ! બાળ, યુવાન, પ્રૌઢ સૌ સાથે એના જેવા બની જઈ અંતરનો ઉકળાટ શમાવી શીતળતાની લહેર લહેરાવી દે.

★ જ્યોતિબેન એટલે પારદર્શક સર્વદેશીય સ્વરૂપ, જ્યાં મારું-તારું, વહાલું-દવલું એવું કોઈ સ્થાન નથી. પ્રત્યેક ચૈતન્યને સમાનભાવે પ્રેમ કરે છે. એ પ્રેમ સૌને અંતરમાં સ્પર્શતો. ને જ્યોતિબેનના પ્રત્યેક સૂચન, સૂઝને સૌ માન્ય રાખીને સ્વીકારી લેતા.

★ જ્યોતિબેનની પારદર્શક પરાભક્તિ એટલે ચૈતન્યનો આર્તહૃદયી પોકાર. અનંત દિશાએથી આવતા અનંત પોકારે, જ્યોતિબેનના ચરણ ધરતી ખૂંદી વળતા ને ચૈતન્યોના જીવમાં જડાઈ જતા.

હે જ્યોતિબેન, આપ તો ગુણાતીત સમાજનો વિસામો છો. આપનો વિસામો અમારા પ્રાણાધાર છે અને એવી આપની પરાદર્શક પ્રીતિ માણી, પૂર્ણ સમર્પણ કરી શકીએ તેવું બળ આપશો એ જ પ્રાર્થના.



# હોળી : બ્ર.સ્વ.શ્રી ભગતજી મહારાજના પ્રાગટ્યદિને...

ભાગવત ધર્મની, એકાંતિક ધર્મની જ્યોત સદા અમર રહે તે માટે શ્રીહરિએ એવા ગુણાતીત સાધુ સ્વરૂપોની પરંપરા આપણને આપી. એમાં બીજી પેઢીના વારસ સ્વરૂપ બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજને આ ધરા પર શ્રીહરિએ અવતરણ કરાવીને, સત્સંગમાં અક્ષર પુરુષોત્તમ ઉપાસનાના બીજ રોપાવી, સત્સંગમાં વસંતના પગરણ મંડાવ્યા છે. શ્રી ભગતજી બાળપણથી કહેતા કે, 'હું તો બધું ભણેલો છું. મારે તો આ જન્મે પ્રભુ ભજવા છે અને અનેકને એ માર્ગે ચઢાવવા છે.' ને ખરેખર એમણે આ અગમવાણીને સાકાર કરી.

શ્રી ગોપાળાનંદ સ્વામી અને શ્રી ગુણાતીતાનંદ સ્વામી થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ઉચ્ચ આદર્શોને પોતાનામાં પ્રગટાવી, એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો અને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરી. સંબંધમાં જે જે આવ્યા તે સૌને આ માર્ગે વાળી ખપવાળા મુમુક્ષુ જીવોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવ્યો. એવા શ્રી ભગતજી મહારાજને અંતરથી વંદન છે.

શ્રી ભગતજી મહારાજે એકાંતિક ધર્મ પામવાની અને નિષ્કામધર્મની વાતો દ્વારા અનેકની વૃત્તિઓ પ્રભુમય કરી છે. શ્રી ભગતજી કહેતા કે, મને સ્વામિનારાયણ વળગ્યા છે. તેથી જે મારો સંગ કરે તેને પણ એ મૂર્તિનું સુખ આપું છું. તેમનો વળગાડ બહુ જ ભારે છે. જેમ ભૂત વળગે છે તે પોતાનો જ ભાગ ભજવે છે પણ જેને વળગ્યું હોય તેનો એકેય ભાવ રહેવા દેતું નથી. તેમ જ્યારે અહં ગ્રંથિ, મમત્ત્વ ગ્રંથિ, સંશય ગ્રંથિ, ઈચ્છા ગ્રંથિ અને હૃદય ગ્રંથિ આદિ ગ્રંથિઓ ગળી જાય ત્યારે જ સ્વામિનારાયણ વળગે છે. સ્વામિનારાયણનો વળગાડ થાય ત્યારે અહમ્‌ના ચૂરેચૂરા થઈ જાય અને દેહનો એકેય ભાવ રહેવા દે નહીં. અને તે ભક્ત દેહાભિમાને રહિત થઈ અખંડ બ્રહ્મભાવમાં જ વર્તે.

ત્યાગી હોય કે ગૃહી તેણે પોતાનો ધર્મ શીખવો તેમાં વાદ નહીં. શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ અને ધર્મામૃત આ ત્રણ ગ્રંથ પ્રમાણે વર્તવું. જેમ બ્રાહ્મણ હોય તેને નહાવું, ધોવું અને પવિત્ર રહેવું એ તેમનો ધર્મ છે. તેમ આ ત્રણ ગ્રંથ પાળવાથી એકાંતિક ધર્મ સિદ્ધ થાય.

જે ભક્ત દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણના ભાવથી છૂટો પડીને એમ માને જે, હું આત્મા છું, શુદ્ધ છું, અવિનાશી છું. એમ કેવળ આત્મસ્વરૂપને જ સુખરૂપ જાણી તે સિવાયના બીજા પદાર્થને દુઃખરૂપ સમજે તે ઉત્તમ કહેવાય. આવું શુદ્ધ માયા પરનું જ્ઞાન, તે તો પરબ્રહ્મ પરમાત્માને જે નિર્વિકલ્પપણે પામેલા સંત હોય તે થકી જ પમાય છે. ને પરમેશ્વરનો યથાર્થ મહિમા જીવમાં પેસી જાય. ને તેનો સાક્ષાત્કાર થાય ત્યારે બ્રહ્માકારે વૃત્તિ થઈ જાય. આવી સ્થિતિવાળાને બધું જ સમ વર્તતુ હોય છે. તેમની દ્રષ્ટિમાં એક પુરુષોત્તમની મૂર્તિ વિના બીજું કાંઈ દેખાતું હોતું નથી.

આવી પરાવાણી દ્વારા અનેકના દેહ ને આત્મા નોખા કરી દીધા છે એવા શ્રી ભગતજી મહારાજને, ગુરુહરિ પપ્પાજીને, સ્વરૂપોને પ્રાર્થના છે કે, અમને એકાંતિક ધર્મ સિદ્ધ કરવા અખંડ જાગ્રતતા રખાવજો.



# ધૂળેટી : પ.પૂ.સાહેબજીના પ્રાગટ્યદિને...

જેમણે ગુણાતીત જ્ઞાનના સિદ્ધાંતોને જીવનમાં ચરિતાર્થ કર્યા છે, પ્રત્યેક પ્રસંગોમાં જ્યારે જે પળે જે બન્યું તેમાં પ્રભુનું જ કર્તાહર્તાપણું માન્યું છે, ક્યારેય કોઈનાય પ્રકૃતિ, સ્વભાવ જોયા નથી. સૌના ગુણ જોઈ, પ્રભુનો સંબંધવાળો છે તે નિર્દોષ જ, તેમ માનીને વર્ત્યા છે ને જીવનમાં સંપ, સુહ્રદભાવ, એકતા દ્રઢ કર્યા છે. આવા અનંત ગુણ ધરાવનાર પ.પૂ.સાહેબજીના યોગમાં આવનાર સૌના જીવનમાં આ સિદ્ધાંતો દ્રઢ થાય તે માટે પ્રેમ, પ્રાર્થના અને સંકલ્પથી જતન કરી ઉગાડી રહ્યા છે એવા ગુણાતીત સ્વરૂપ સાહેબજીને તેમના પ્રાગટ્યપર્વની વંદના.

પ.પૂ.સાહેબજીએ તા.૧૧.૧.૧૯૮૮ના પરાવાણી દ્વારા આપણને આશિષભર્યું માર્ગદર્શન આપ્યું છે તેનું મનન-ચિંતન કરી નિદિધ્યાસ કરીએ.

‘...સંપ, સુહ્રદભાવ, એકતાના પાયાના સિદ્ધાંતમાં બાંધછોડ ન હોય. એમાં કોઈ જ્ઞાનની વાતો કરી બાંધછોડ કરાવવા આવે તો ત્યાંથી ખસી જવું. અંદરમાં અભાવ, અવગુણની કે નેગેટીવ વાતો પેસવા ના દેવી. એમ કરીશું તો આપણામાં શક્તિ પ્રગટશે. પ્રભુતા પ્રગટશે. જ્યાં પ્રભુનો પ્રકાશ હશે ત્યાં કદી અંધકાર નહીં હોય.

યોગીજી મહારાજ સ્વયં પ્રભુનું સ્વરૂપ હોવા છતાં ખૂબ નિયમબદ્ધ જીવન જીવ્યા. તેમ હું સત્સંગી છું તો મારે નિયમમાં જ રહેવાનું હોય એવી જાગ્રતતા રાખવી. દિવસે દિવસે સૌના ગુણ ગાવા-સાંભળવામાં આપણો આનંદ વધતો જવો જોઈએ. એનું મૂલ્ય ઊંચું છે. આપણે ગમે તેટલી પ્રગતિ કરીએ તોય પાયાના મૂલ્યો છે એ ક્યારેય ગૌણ ન થાય તેનું ધ્યાન રાખવું. આપણે હાજર હોઈએ ત્યાં આ મૂલ્યો તૂટે નહીં તેવી દ્રઢતા રાખી વર્તવું. ખટપટમાં પડવું નહીં. ભગવાને બાંધેલા નિયમો અને સિદ્ધાંતોને આપણા જીવનમાં ઉતારવાથી જ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થશે.

પપ્પાજી પ્રેમાળ છે પણ આ વાતે ખૂબ કડક છે. તે કોઈની અભાવ, અવગુણની વાત ચલાવી જ ના લે. ત્યાં કોઈ મહોબત સારપ નહીં. રસ્તો પકડાવી દે. મોટા પુરુષો આપણને વર્તનથી શીખવે છે. જાગ્રત કરે છે. ભગવાન કુરાજી થાય તેવું કાંઈ જ ન કરવું. તેવું જીવીશું તો કોઈ સાધન નહીં કરવા પડે. તે જ આપણી ફિકર કરશે ને પલકારામાં આપણા ઈન્દ્રિયો, અંતઃકરણ શુદ્ધ કરી દેશે. સુખ, શાંતિ બક્ષી દેશે.

આપણને જ્યાં સમજણ ન પડે ત્યાં સંતને, ગુરુને, મોટાને પૂછી લઈએ. એક ભજનમાં છે ને... ‘આવ્યું ચૈતન્યમાંથી હોય, સાચી ભક્તિ લાગે તોય, વર્તવું સ્વામીને પૂછી જોઈ...’ એમ નિઃશંક થઈ ડગ ભરવું.

સ્વધર્મ અને સ્વરૂપનિષ્ઠાનો આપણા જીવનમાં સમન્વય રાખવો. સ્વધર્મમાં રહેવાથી પ્રભુ રાજી થશે. આપણે આવું જીવવું છે...’

આ પરાવાણીને નજર સમક્ષ રાખી જીવવાનું પ.પૂ.સાહેબજી, ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપો ખૂબ બળ આપે એજ આજના મંગલદિને પ્રાર્થના.

## સત્સંગ સમાચાર

### તા.૩.૨.૨૦૨૨ : ગુરુહરિ કાકાજી મહારાજના સાક્ષાત્કારદિનની અને તા.૫.૨.૨૦૨૨ : વસંતપંચમી–બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજ પ્રાગટ્યદિનની સભા...







કાકાજી મહારાજના સાક્ષાત્કારદિનની ઉજવણી પ.પૂ.દીદીના સાંનિધ્યે સવારની સભામાં કરી. આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ કરી, ઠાકોરજી, કાકાજી અને પપ્પાજીને હાર અર્પણ કર્યા. ત્યાર બાદ પૂ.દિવ્યાબેન રચિત 'નજરું ભરી દીઠા અમે કાકાજી મહારાજ...' કાકાજીના મહિમાના ભજનમાં સૌ પ્રથમ લીન થયા. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની અભિપ્રાયની ભક્તિ કરી જે નવલુ યુગકાર્ય કર્યુ છે એવા કાકાજીને પાયલાગણ કરી ગુરુહરિ પપ્પાજી, કાકાજી તેમજ પ.પૂ.દીદીના આશિષ લીધા તેનો સાર માણીએ.

**આશીર્વાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ :** કાકાજીની ગુરુ તરફની અપ્રતિમ ભક્તિ હતી. અલ્પ સંબંધવાળામાં ખોવાઈ જવાનું તેમજ આપણને ગુણાતીત સ્વરૂપ મલ્યું છે તેમાં ખોવાઈ જવાનું શીખવ્યું. ગુણાતીત સ્વરૂપ ઓળખાય તેવું નથી. જેવા માનીએ તેવા થઈએ. યથાર્થ સ્વરૂપે કાકા, બા, બેને ઓળખ્યા. યથાર્થ સ્વરૂપનિષ્ઠા હશે તો જગત જીતવું પડશે નહીં. એમની ભક્તિરૂપ ક્રિયા કરાશે. યોગીજી મહારાજને લાખો માણસોએ ઓળખ્યા. પણ તેમની અંદર પ્રભુ છે એ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે, અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ છે એવો ઉદ્‌ઘોષ કાકાશ્રીએ કર્યો. યોગીજી મહારાજને નહીં ઓળખો ત્યાં સુધી મહારાજ અક્ષરધામમાં પેસવા નહીં દે. કાકા ખૂબ શૂરવીર હતા. હરેક અલ્પ સંબંધવાળામાં બા, બેન, કાકાને જોતા થઈ જઈએ. આપણે જે સ્વરૂપને માનીએ છીએ તેનાં દર્શન હરેક વ્યક્તિમાં કરીએ. તેની પ્રકૃતિ ને સ્વભાવ દેખાશે જ, પણ કૃતનિશ્ચયી બનીએ. એમના ભીડાને સાર્થક કરીએ. ભાવેયુક્ત વિચાર, વાણી, વર્તન કરીએ. આખો સમાજ ભગવદીની ગોદમાં પડ્યો છે. એટલે ભાવેયુક્ત જીવીએ. સૌમાં કેવળ સંબંધ જ દેખાય એવા આશીર્વાદ બા, બેન આપે એ જ પ્રાર્થના.

**આશીર્વાદ પ.પૂ.દીદી :** આજે કાકાજીનો સાક્ષાત્કારદિન. બેય ભાઈઓનો નાનપણનો સંકલ્પ કે, 'સ્વર્ગ અવનિ પર લાવવું છે.' તે વિચારને સાકાર

કરીને જ જંપ્યા. આપણે અક્ષરધામમાં રહીએ છીએ. અક્ષરધામ શું ? એકબીજાનાં દર્શનની ભૂખ જાગે. આટલા બધા અક્ષરમુક્તોની સાથે મને રહેવા મળ્યું! તેવો કેફ રહે તે. કાકાજીને સાક્ષાત્કાર થયો એટલે ગુણાતીત સમાજની સ્થાપના કરવાનો પરવાનો મળ્યો. સ્થાવર મંદિરમાં બ્ર.સ્વ.શાસ્ત્રીજી મહારાજે કાકાજી પાસે નાણાની સેવા કરાવી એ પ્રસન્નતાનો પુરસ્કાર જોગીમહારાજે સાક્ષાત્કારમાં આપ્યો. પપ્પાજી આફ્રિકાથી દોડતા આવ્યા. દાદુકાકાના સાક્ષાત્કારનો સ્વીકાર થયો. ક્યારેય પપ્પાજી ને કાકાજી પાસે અક્ષરધામના સુખ સિવાય કોઈ વાત જ નહીં. તારદેવ જઈએ તો થાય કે અક્ષરધામમાં જઈએ છીએ.

૧૯૫૫માં સુંદરાબાઈ હૉલમાં ધર્મ પરિષદમાં સાધુ સંતોની વચ્ચે પેન્ટ સુટ પહેરેલા કાકાજીએ સ્ટેજ પર સ્વામિનારાયણ ભગવાન વિષે બોલવાનું હતું. અદ્‌ભુત વાતો કરી સૌને આશ્ચર્યમાં મૂકી દીધા. બધાના મન કાકાજીની વાતમાં ખેંચાઈ ગયા. અમે પણ ગયા હતા. કાકાજીને કેફ, પ્રાપ્તિની મસ્તી હતી તેનું દર્શન થયેલું. કાકાજી એગ્રી ઓરીએન્ટ કંપનીમાં કામ કરતા ત્યાંથી ઘેર આવે પછી ભગવાનનું કામ ભગવાનની રીતે ભગવાનને ધારીને કરવા માંડે. પહેલાનું બધું વિસ્મરણ જ. એવી તેમની નીરવ અવસ્થા હતી.

કાકાજી-પપ્પાજીને અસુખ થતું નહોતું તો મને કેમ? જેમ દેહમાંથી આત્મા જાય તેમ આત્મામાંથી દેહભાવ જાય તે માટે પ્રભુ પ્રસંગો યોજશે જ. અખંડ પપ્પાજીનું કર્તાહર્તાપણું મનાયેલું રહે છે કે નહીં તે નોંધીએ ને આગળ વધીએ. શાસ્ત્રીજી મહારાજે કાકાજી પાસે ૧૯૫૦-૫૧માં ૫૧૦૦૦ રૂપિયા માંગ્યા. એવા સમયે ટાણાની સેવા કાકાશ્રીએ કરી તો અંતરની પ્રસન્નતા મળી ગઈ. એમ આપણે ટાણાની સેવા માહાત્મ્યસભર કરી લેવી. ટાણું સાચવીએ તો મોટા પુરુષો રાજી રાજી થઈ જાય. આપણે તો રોજ ટાણું. જેટલું કરીશું તેટલું પામીશું. તો આપણે એમની પ્રસન્નતા લેવી છે. આપણે એમના છીએ. એમની પાસે જે છે તે આપણને આપવું છે. ને આપણે લેવું છે. હં.

**આશીર્દાન ગુરુહરિ કાકાજી મહારાજ :** તમે બધા ખૂબ ખાટી ગયા છો. તેનું બહુ નક્કર ને સોલીડ રહસ્ય અમે બે ભાઈઓ છીએ એટલે ખાટી ગયા છો.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ખૂબ અનોખી કૃપાથી આ બે મહાનુભૂતિઓ પ્રગટી. એક જ સિક્કાની બે બાજુ છે. અમે બે ભાઈઓએ અમારું સર્વસ્વ પહેલું હોમી દીધું. તેથી વિશેષ કે અમારી પર ગમે તેટલી ધૂળ નાખે અપમાન કરે તેની ઐસી તૈસી.

આપણે બધા પૂર્વના છીએ. બસો વર્ષથી આવીએ છીએ પણ મોકાણ એ છે કે હું સર્વોપરી બાપનો દીકરો છું તેવું સમજતા નથી. આ વાત સ્ટેજ પર બેઠેલા મહાનુભાવોને સમજાઈ ગઈ છે. તો તણખલામાંથી અમને ગાદીપતિ બનાવી દીધા. વિચાર તો કરો સતત જબરજસ્ત વિરોધમાં આ આધ્યાત્મિક ઈતિહાસમાં બહુ દિવ્ય ક્રાંતિકારી સોપાન છે. અમારા બે ભાઈઓની પહેલેથી એકતા. કંઈક અસાધારણ કરવું તેવું હતું. આપણને પ્રભુ મળ્યા છે. સર્વોપરી બાપના દીકરા છીએ. એટલે હું કહું છું કે આપણામાં ઠેકાણા વગરની મનની સ્ટુપીડીટી છે... તે ટાળીએ.

પપ્પાજીને હું પહેલેથી ધન્યવાદ આપતો. તે બહુ ચિકિત્સક. એક અખતરો સફળ થયો પણ તેને સ્થાયી બનાવવો છે. યાવતચંદ્રદિવાકરૌ એક વસ્તુ આ રહે. એવી એક પ્રણાલિકા મહિલા મંડળ ખાતે, ગુણાતીત જ્યોત ખાતે બાપા આપી ગયા છે. એ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો સંકલ્પ કામ કરી રહ્યો છે. જ્યોતની એ સીમા જ્યોત પૂરતી નથી જ રહી. એ જ્યોતિ જ્વાલા બનીને વિશ્વવ્યાપી બનવાની છે. અમને બંને ભાઈઓને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની સત્તા સિવાય કોઈ સત્તાનો ભાર પડ્યો નથી. અમને નિમિત્ત બનાવ્યા.

પપ્પાજીની એ એબ્સોલ્યુટ ઓનેસ્ટી, સીન્સીયારીટી ને લોયલ્ટી. એટલે આપણો ખૂબ જબરજસ્ત વિજય છે. આપણું પાવર હાઉસ ગુણાતીતભાવનાનું શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અખંડિત રાખીને ગયા છે. પપ્પાજી જો ના

હોત તો મને લાગે છે કે બહેનોનું કામ બનત નહીં. મારા એકલાથી એ શક્ય નહોતું.

બહેનો, સંતો, યુવકો અને ગૃહસ્થોના પ્રકૃતિપુરુષથી પરના આ ડિવાઈન સમાજની સ્થાપના થઈ ગઈ. ગુણાતીત ભાવનો પાવર અખંડ રહેશે, રહેશે ને રહેશે. ને તેની ડીસીપ્લીન છે સુહૃદભાવ. ને તે હશે તો જ નિર્દોષબુદ્ધિ દ્રઢ થશે. અમારી આ સુપ્રીમ કાઉન્સીલ જે સૂત્ર બહાર પાડે તેમાં તમારી જડ બુદ્ધિ ના વાપરતા. મોટા પુરુષને કદી ઓશિયાળા ના કરતા. સંબંધવાળો છે ! અહોહો અહોહો રાખજો. હું સમ્રાટનો રાજપુત્ર છું, રાજરાણી છું, ઘરવાળી છું તેવો કેફ રાખજો. પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર કરવા માટે આજે ૫૧ બહેનોએ દીક્ષા લીધી. ધન્યવાદ છે. તમે આટલો બધો અમને સાથ આપ્યો તો અમને પણ એક ઉમળકો છે કે, અમે જેવું અક્ષરધામનું સુખ લઈ રહ્યા છીએ તેવું તમે લ્યો. અમે સંકલ્પ કર્યો છે. ડરતા નહીં. વિશ્વાસ રાખજો. જય સ્વામિનારાયણ.

કાકાશ્રીના આશીર્વાદ બાદ સભાનું સમાપન કર્યું.

**શાસ્ત્રીજીમહારાજનો પ્રાગટ્યદિન, વસંતપંચમીનો શુભ દિન એટલે –**

★ શ્રીહરિએ વડતાલ તીર્થધામે બિંદુમાં સિંધુ સમ રચેલી શિક્ષાપત્રી આજના દિને સમાજને પ્રદાન કરી, સૌને આચાર માટે દિવ્ય સંદેશ આપ્યો એ શુભ દિન.

★ સર્વોપરી નિષ્ઠા ધરાવતા, બૃહદ વૈરાગી, કલા-કૌશલ્યમાં નિપુણ કવિરાજ નિષ્કુળાનંદસ્વામીનું પ્રાગટ્ય.

★ મેધાવી પ્રતિભા ધરાવનાર શીઘ્ર કવિ, અનોખી સાધુતા ધરાવતા, મહારાજની મૂર્તિમાં અખંડ રાચનાર, શ્રીજી મહારાજે જે છ મંદિરો બાંધ્યાં તેમાં યોગદાન આપનાર બ્રહ્માનંદસ્વામીનું પ્રાગટ્ય.

★ શાસ્ત્રીજી મહારાજે ભક્તેસહિત ભગવાનની ઉપાસનાનું આધિપત્ય પૃથ્વી પર સ્થાપિત કરવા લોક, ભોગ, દેહ, પક્ષની લગીરેય પરવા કર્યા સિવાય કાંટાળા નૂતન માર્ગ પર ડગ ભર્યા. શુદ્ધ એકાંતિકી ભક્તિના, ગુણાતીત ભાવનાનાં બીજ રોપી દીધાં. અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ મધ્ય મંદિરે પધરાવી દીધી એવા મહાપ્રતાપી શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્ય.

એવા વસંતપંચમીના શુભ દિને આવાહ્‌ન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવીને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી તેની રીતિ બતાવી, એવા શાસ્ત્રીજી મહારાજને પાયલાગણ કરી, ઠાકોરજી, શાસ્ત્રીજી મહારાજ તેમ જ ગુરુહરિ પપ્પાજીને હાર અર્પણ કરી ભક્તિભાવ ધર્યા.

ત્યારબાદ 'સ્વામીજી તો મહાપ્રતાપી...' એ શાસ્ત્રીજી મહારાજના મહિમાના કીર્તનમાં સૌ લીન થયા ને ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ લીધા તેનો સાર હતો કે, શાસ્ત્રીજી મહારાજે, નિર્ગુણ સ્વામીએ, યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે અપાર દાખડો કર્યો છે. ભીડો વેઠ્યો છે, લોહીનું પાણી કરી દીધું ને આ જ્ઞાન ઉગાડ્યું.

આપણને બધાને માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ અહંતા-મમતા, પ્રકૃતિનાં જે આવરણો વળગ્યાં છે તે ટાળવાની રીતિ બતાવી. વર્ત્યા એટલું જ જ્ઞાન. માટે ધ્યેય તરફ દ્રષ્ટિ રાખવી જ છે. એ રાજી થશે ? તેની ભક્તિરૂપ છે ? જે કંઈ વિચાર, વાણી, વર્તન કરું છું, તે મનમુખી નથી ને ? તે જાગ્રત રહીને ચકાસીએ. વિચાર પર ગરણી મૂકીને જીવીશું તો તેમના જેવા ગુણ આપણામાં આવી જશે.

નિર્માની થઈને દાસના દાસ થઈને વર્તીએ. જે દિ તે દિ આ જ્ઞાન સમજવું જ પડશે. જ્યારે સમજાશે ત્યારે અક્ષરધામનું સુખ આવશે. આવો જોગ ફરી નહીં મળે. માટે આળસ, પ્રમાદ, ગાફલાઈ છોડી જાગ્રત રહીએ. જે પ્રત્યક્ષ મળ્યા છે તે અંતર્યામી છે, દિવ્ય છે, મારું બધું જુએ છે ને જાણે છે. તેમ સાક્ષીભાવે જીવીએ. આમ વર્તનથી શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્યદિન ઉજવીએ તો તેમનો દાખડો સફળ થયો ગણાશે. આપણે આપણા ગુરુ બનીએ ને આવું વર્તવાનો નિયમ લઈશું તો ગુણાતીત ભાવ વર્તનમાં આવી જશે.

આ આશિષ આપણા સૌના વર્તનમાં આવે તે માટે ૧૫ મિનિટ જપયજ્ઞ કરી સભાનું સમાપન કર્યું.

## તા.૧૪.૨.૨૦૨૨ : પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...



આજે સમગ્ર વિશ્વ જ્યારે ૧૪મી ફેબ્રુઆરીને સાચા સંતની સ્મૃતિમાં વેલેન્ટાઈન ડે તરીકે ઉજવે છે. ત્યારે આ દિવસને વધુ દિવ્યતાના સંબંધ સાથે સાક્ષાત્ શ્રીજી-યોગીજીના સંકલ્પે આજથી ૬૯ વર્ષ પહેલા ગુરુહરિ પપ્પાજી થકી પ.પૂ.તારાબેનનો આત્મા પ્રકાશિત થયો. તે દિવ્ય સંબંધે આધ્યાત્મિક નૂતન ક્રાંતિ સર્જી. એ ઉજવણી પપ્પાજી હૉલમાં તા.૧૩.૨.૨૦૨૨ના સાંજની સભામાં ઉજવતા સૌ ભક્તોએ ઓનલાઈન લાભ લીધો. એ સ્મૃતિઓ તાજી કરીએ.

શ્રેયપંથે આપણે સ્વાધીન, પ્રફુલ્લિત રહ્યા ને બળિયા થયા.ને આપણું ઓશિયાળાપણું ગયું. ને આ માર્ગના ગૃહમાતારૂપે તારાબેનને જે અવિભક્તનું પદ મળ્યું.એ બિરૂદ પ્રમાણે પ્રભુના નિમિત્ત બની વર્ત્યા. જેમાં માન, મોટપ, યશ, કીર્તિ, સંપત્તિ, સમૃદ્ધિ જેવા જગત કે આધ્યાત્મિકતાના આડખીલીરૂપ અવલંબનો વગર પ્રભુ આધાર લઈ આદર્શ સ્થાપ્યો. એવી ગૌરવરૂપ જીવનલીલાને સૌએ યથાસ્થાને ઉભા રહી ઋણવંદના કરતાં પ્રણામ કર્યા. અને તેમના સંબંધે, સમાગમે



આવાહ્ન શ્લોક બાદ સભા સંચાલિકા બકુબેને તારાબેનના અવિભક્ત આદર્શ જીવનનું સંક્ષિપ્ત મહિમાગાન કરી સભર કર્યા. જેમાં એમને લીધે જ આ

જે સાધકોએ ૭૫ વર્ષ સુધીના જીવનને તેમની પ્રસન્નતા માટે વિતાવ્યા તેવા મુક્તોએ ઠાકોરજીને, ગુરુહરિ પપ્પાજીને, તારાબેન તથા સર્વ સ્વરૂપોને





હાર, પુષ્પગુચ્છથી સત્કાર્યા. ત્યાર બાદ માહાત્મયગાન થયા. સ્મૃતિબેન દવે રચિત ભજનસ્મૃતિસભર દર્શન સાથે ગવાયું. અંતરના આભારગાન સાથે મીઠા સ્વાદની કેક અર્પણ થઈ. ઓનલાઈનથી અહીં પ્રત્યક્ષ થતા હરિભક્તો, સાધકોના મહિમાગાનનો તેમજ ભાવનૃત્યનો લાભ માણ્યો. સાથે સાથે સ્વરૂપોના આશિષ મેળવ્યા. એ સ્મૃતિઓને વાગોળીએ.



**આશીર્દાન પ.પૂ.દેવીબેનઃ** તારાબેન મા જેવા લાગે. મારે ભગવાન ભજવા હતા. તારાબેન મારા ઘરે આવ્યા ત્યારે મેં મનની વાત તારાબેનને કરી કે, મારે ભગવાન ભજવા છે. એમણે કહ્યું હા, આપણે ભજવાના. તે સાંભળી મને ખૂબ હાશ થઈ ગઈ હતી. તારાબેને પહેલ કરી તો આપણે સૌ ફાવી ગયા. તારાબેનને અંતરથી નમન કરીએ. સૌ બહેનો, ભાઈઓને ખૂબ ભાવભર્યા જય સ્વામિનારાયણ.

**પૂ.દયાબેન :** તારાબેન ગુણાતીત સંત કે જેમણે અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ એવા પપ્પાજી ઓળખાવ્યા. એકાંતિક ધર્મ કેવી રીતે સિદ્ધ થાય તે વર્તનથી બતાવ્યું.

મહાપૂજાની પ્રાર્થનામાં છે કે માહાત્મ્યેયુક્ત સેવા, સ્મૃતિ, નામરટણ, સમાગમ એ તારાબેનના જીવનમાં એકસરખા દેખાય. પપ્પાજીના પહેલા દર્શને તારાબેનને થઈ ગયું કે આ કોઈ જુદા છે. ત્યારથી પપ્પાજીની એક એક રુચિ, આજ્ઞા, વચન દિલથી માન્યા, જીવનમાં ઉતાર્યા. હિસાબની અંગત સેવા તારાબેનને સોંપી હતી. છૂપી સેવા ખૂબ કરી. પપ્પાજી લંડન ગયા હોય ને પત્ર આવે તો દરેકને પોતે જાતે જઈને આપે. કોઈને અંદર સરખામણી કે દેખાદેખી થાય કે મૂર્તિ જાય એવું એમનું એકે પગલું ન હોય. બેનોને કાંઈપણ થાય તો તારાબેનને કહી શકતા. કોઈની પણ ખાનગી વાત ક્યારે ય બહાર ન પાડે, પેટમાં સમાવી લે એવા ઊંડા. પપ્પાજી કહેતા કે હું તો સ્વભાવ, પ્રકૃત્તિનું ઑપરેશન કર્યા કરીશ. તમે સૌ સદ્‌ગુરુ સ્વરૂપો સંત તરીકે પાટાપીંડી કરજો. એ શું ? જ્યારે પ્રસંગ બને ત્યારે જીવ બળવો પોકારે પણ સંત તેને માહાત્મ્યમાં લાવે. એવી નિષ્કામ ભક્તિ, સુહૃદભક્તિ તારાબેને કરી.

દિવાળીબાની ખૂબ સેવા કરી છે. ઊંડાણથી સેવાનું મનન, ચિંતન કરી સામાને તકલીફ ન પડે ને પ્રસન્નતા મળે તેવી રીતે તારાબેન સેવા કરતાં. અહીં આવ્યા પછી રાતે જ્યોતનો દરવાજો બંધ ન થાય ત્યાં સુધી હૉલમાં બહેનો સાથે સ્વરૂપયોગ કરતા.

સતત સમાગમ આ સ્વરૂપોના જીવનમાંથી, વર્તનમાંથી મળી રહે છે. આપણી સાથે આપણા જેવા થઈને સૂઝ આપે તે ઝીલીએ.

તારાબેનને ઈર્ષાના પ્રસંગો ચાલતા હતા. જ્યોતિબેને પૂછ્યું કે પંચતીર્થીમાં આવવું છે ? પ્રસંગો ચાલતા હતા એવા સમયે પણ તારાબેને પપ્પાજીને પૂછ્યું ને ના પાડી તો જરાય ખોટું ન લગાડ્યું ને સતત ભજન કર્યા જ કર્યું. તો અંતરમાં સૂઝ પડી ગઈ કે દીદી સાથે એકતા કરી લે ને ખરેખર એકતા કરી લીધી. ને પપ્પાજીની પ્રસન્નતાનો કળશ તેમના પર ઢળ્યો ને મહાસાગર જેવડી ઈર્ષા પળમાં ટળી ગઈ. આપણે એવી સેવા કરવી કે આવી પ્રસન્નતા મળી જાય.

આપણે પામી જવું છે. જ્યોતમાં જે જે આવ્યા તે દ્રષ્ટાવાળા જ હોય. અનંત જન્મોના આપણા હેવા

અહીં ટળે છે. એ તો ગજબની વાત છે. સ્વરૂપો તેના માટે માળા કરે જ છે. ભગવાનમાં રત થઈને ભજન કરવું. જેથી ગુરુની રુચિ સમજાય જાય. પ્રસન્નતા મળે.

તારાબેને એવું જીવીને બતાવ્યું. આપણે અંતરથી પ્રભુની મરજી પ્રમાણે જીવીએ ને અક્ષરધામના સુખ, શાંતિ, આનંદ ભોગવતા થઈએ.

**પૂ.ઉર્વશીબેન દેસાઈ :** તારાબેનનું નામ બોલતા જ હૈયું સભર થઈ જાય. તારાબેને ઘટાદાર જંગલમાંથી પગદંડી પર ચાલ્યા જ કર્યું. આ ચાર સ્વરૂપોએ કેડી કંડારી. ૧૯૫૨ની સાલમાં આ કાર્ય ખૂબ અઘરું હતું. તે કાર્ય પપ્પાજીએ શરૂ કર્યું. તેમાં સોનાબાનું કુટુંબ હોમાઈ ગયું.

તારાબેને નડિયાદ આવીને અમને ખૂબ લાભ આપ્યો છે. ઘણીવાર કથાવાર્તામાં ભજન ગાયને તેમાં 'લાખો અબજોની વસ્તીમાંહેથી મારી કીધી પસંદગી...' તે લીટી એવી ગાય કે આપણને ય કેફ ચડાવી દે. તેઓએ પપ્પાજીનું જીવનદર્શન, કથાવાર્તા વાગોળી વાગોળીને તેમની રુચિ તરફ નજર રાખી ધારી લીધા. સંબંધમાં આવ્યા તેને વર્તનથી સમજાવ્યું. અત્યારે આપણને જ્ઞાન સુલભ છે. તારાબેન સાધના કરતા ત્યારે એવું નહોતું છતાંય એમણે વર્તન કર્યું. કાકાજીએ સાક્ષાત્કારની ભૂમિકામાંથી જે પત્ર લખ્યો તેમાં તારાબેનનું નામ નહોતું. તો તીવ્ર પોકાર સાથે ભજન કર્યું. પપ્પાજી આફ્રિકાથી પધાર્યા ને આપણા સૌ માટે સોનાનો સૂરજ ઉગ્યો. ને અલખની વાટ ખુલી.

એકવાર મને પ્રસંગ બન્યો. તારાબેનને વાત કરી શું કરવું તે પૂછયું. તો કહે પપ્પાજીની મૂર્તિમાં મન રાખો તે કરવાનું છે. એકવાર તારાબેને પ્ર.૧લું વચનામૃત સમજાવવા માટે કાઢ્યું. એક બેન કહે આ તો તમે ઘણીવાર સમજાવ્યું છે. તારાબેન કહે, વર્તન બન્યું આપણું ? એમની એક જ મરજી છે કે દેહે કરીને જે કરો તે પણ મનની વૃત્તિ અખંડ એક ભગવાનમાં હોવી જોઈએ. આજના શુભ દિને પ્રાર્થના છે કે અખંડ ભગવાનથી ભર્યા રહીએ, વૃત્તિ એમની સાથે જોડાયેલી રહે તેવી પપ્પાજી, તારાબેન અને સૌ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

**પૂ.જયાબેન પટેલ :** આપણે તો શું ગુણ ગાઈએ! ૧૯૭૭માં જ્યોતિબેન પાસે કંઠી બંધાવી ને ગુરુ બન્યા. સાથે તારાબેન પણ ગુરુ થયા. મારે તો બે ગુરુ ને સંત તો હું તો કેટલી ફૂલીફાલી રહું. શનિ-રવિ નડિયાદથી હું જ્યોતમાં આવતી. તારાબેને વાતો કરી કરીને બીજ રોપ્યાં. તેના પ્રતાપે હું અહીં છું. ૧૦ વર્ષ અમેરિકા રહી તો તારાબેન પપ્પાજીના પ્રવચનની કેસેટ મોકલતા. આમ પ્રભુમય રાખતા. તારાબેને ખૂબ જતન કર્યું છે. તારાબેનની ખૂબ સ્થિતપ્રજ્ઞતા. તારાબેનનું અનુભવનું બ્રહ્મસૂત્ર છે કે પ્રસંગો બને ત્યારે દિવ્યભાવ ના જ રહે પણ પરાણેય આવા સમયે દિવ્યભાવ પકડી રાખવો. તો હું સૌમાં અને પ્રસંગોમાં દિવ્યભાવ રાખતી થઈ જાવ એ જ પ્રાર્થના.

**પૂ.હંસાબેન માવદિયા :** નાના હતા ત્યારે ખબર ન હતી કે શું ભગવાન ભજવાના ? પણ આ સ્વરૂપો માણાવદર પધારતા ને અમારું જે જતન કર્યું તે કંઈક જુદુ જ છે. જ્યોતમાં ભગવાન ભજવા આવ્યા ત્યારે કશી જ ખબર ન પડે. હઠ, માન, ઈર્ષા પણ સાથે જ આવે. પ્રસંગો પણ બધેથી આવે. મારા ગુરુ જસુબેનમાંથી પણ આવે ત્યારે તારાબેન પાસે નિષ્કપટ થતી. તો તારાબેને મારી મા બનીને મને સૂઝ સમજ ને બળ આપ્યું છે. જસુબેન પરદેશ હતા ત્યારે





રોજનીશી તારાબેનને આપતી. રોજનીશીમાં ગમે તેટલો કચરો વાંચ્યો હોય તેના પર કાંઈ ન કહે પણ પપ્પાજીનું એટલું માહાત્મ્ય ગાય ને મૂર્તિમાં રહેવાની સૂઝ આપ્યા જ કરે. ધીમે ધીમે સૂઝ પડી કે જે થાય તે બધું કચરો જ છે. ને ક્યાં મૂકાઈ ગયું તે ખબર ન પડી.

આ સ્વરૂપો આપણા તન, મનની રક્ષા કરે છે. તારાબેન કહે છે આ મુક્તો ધગધગતા અંગારા છે. આ સ્થાન, આ સ્વરૂપો મળી ગયા. એ માહાત્મ્ય જેટલું વાગોળી, વિચારીએ તેટલું જ મારા જીવનમાં આવશે. આ સ્વરૂપોને જેવું જોઈએ છે તેવું જીવન બની જાય, તે રાજી રહે, માહાત્મ્યસભર રહીએ. તારાબેનને આદર્શ રાખી જીવી શકુ તેવી પ્રાર્થના.

**પૂ.નંદાબેન :** હું પાંચ વર્ષની હતી ત્યારે તારાબેને સામેથી મને વર્તમાન ધરાવ્યા ને ગ્રહણ કરી છે. વર્ષો પહેલા હું વડોદરા આંખની ટ્રીટમેન્ટ માટે ગઈ હતી ત્યારે તારાબેને મને વચ. ગ.મ.૬૦ સમજાવ્યું કે, કોઈપણ અક્ષરમુક્ત સાથે પ્રસંગો બને તો પાણીના લીટાની જેમ એક થઈ જવું. પણ લોખંડના લીટા ક્યારે ય ન પાડવા. એ પ્રારબ્ધ ઊભા કરે. તારાબેનની અનુવૃત્તિ પ્રમાણે જીવવાનું મને બળ મળે એ જ એમના ચરણે પ્રાર્થના.

**પૂ.જયાબેન લાલાણી :** તારાબેન દિવ્ય વિભૂતિ છે એવું જીવમાં મનાઈ ગયું. મારી દીકરી સંગીતાને ભગવાન ભજવા હતા. અમે ખૂબ ભજન કર્યું. ને એનો નંબર જ્યોતમાં લાગી ગયો. આમ તારાબેને હરેક પ્રસંગમાં પ્રભુને ઉપાયભૂત કરવાનું શીખવ્યું છે ને તે જ બળ આપી ભજન કરાવે છે.

**પૂ.સુરેશભાઈ ગાંધી :** તારાબેન માટે તો શું કહેવું! દિવસે દિવસે એમના તરફ દ્રષ્ટિ રહે છે. એમણે કરેલી વાતો યાદ આવે છે. એકવાર હું મૂંઝાયો. પપ્પાજી પાસે જવું હતું. તારાબેન કહે, 'તું જા, હું તારે માટે ભજન કરીશ.' ખરેખર તારાબેનના મારા માથા પર હાથ છે. તારાબેને આખા ગાંધી પરિવારની જવાબદારી લીધી છે. તે જ બળ આપે છે સૂઝ આપે છે ને આગળ લઈ જાય છે. તો હું ગુણાતીત પ્રકાશનો સાચો સાધુ બની જાવ. ચૈતન્યો માટે પ્રાર્થના કરતો થઈ જાઉં. પપ્પાજી પર ખૂબ જ ભરોસો ને વિશ્વાસ છે. તો ખાસ પ્રાર્થના કે સ્વરૂપો, બેનોની તબિયત પપ્પાજી સારી રાખે. સૌ પ્રકાશના ભાઈઓ વતી અંતરના જય સ્વામિનારાયણ.

**પૂ.બેલાભાભી (ખેતવાડી) :** તારાબેને મારા જીવનમાં ખૂબ કાર્ય કર્યું છે. પપ્પાજીને ઓળખાવ્યા. મારા જીવનમાં કાંઈ પ્રસંગ બને તો રાતે સૂતા સૂતા તારાબેનને પત્ર લખતી હોઉં તેમ કહી દઉં. ને સવારે ઉઠું તો ફ્રેશ થઈ ગઈ હોઉં. મારી બધી પ્રાર્થના સાંભળે છે. અમારા કુટુંબ પર તેમની પ્રસન્નતા છે જ. તેવી સદાય રહે તેવી પ્રાર્થના સાથે સર્વને જય સ્વામિનારાયણ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ભગવાન સ્વામિનારાયણ ક્યારેય પોતાને જે કરવાનું તે ચૂકતા નથી. બહેનોનું કાર્ય કરવાનું હતું તો કાકાજીને સાક્ષાત્કાર કરાવી જે કાગળ લખાવ્યો તેમાં તારાબેનનું નામ રહી ગયું. તારાબેનને દુ:ખ થયું. ભજન કર્યું તો તેમનો પોકાર સાંભળી પપ્પાજી આપણા માટે ભારત આવ્યા ને મહારાજના વચ.ગ.છે.૨૬ના વચનો સાકાર બન્યા.

૧૯૪૫-૪૬ની સાલથી તારાબેનને અમે ઓળખીએ છીએ. શાસ્ત્રીમહારાજની જયંતી પ્રસંગે અમે બંને સ્વયંસેવક હતા. હું ને તારાબેન જોડ હતા.

તારદેવમાં પપ્પાજીએ તારાબેનને કહેલું કે તને આપણા આશ્રમની ગૃહમાતા બનાવીશ. ત્યારે અમે તો ૩ બહેનો હતા. પપ્પાજીને મેં કપડાં સૂકવવાના તાર હાથમાં લઈને કહેલું કે થ્રી ઈન વન. તો પપ્પાજીએ કહ્યું, ૫૧ ઈન વન. એ એમણે કરીને બતાવ્યું.

તારાબેન હિસાબ સંભાળતા. અમારે બધાએ એમની પાસેથી પૈસા લેવાના. પપ્પાજીની આજ્ઞા હતી કે કોઈપણ પૈસા માગે તો મને પહેલા પૂછવાનું. તો કાંતિકાકા તો એમના સગા ભાઈ થાય પણ તેમનેય ના આપે એવા પપ્પાજીને વફાદાર. દેહના સગા સાધનામાં ગણ્યા નથી.

તારાબેનને ૮૭ની સાલમાં ચેસ્ટપેઈન થયું. ૧૯૯૧ની સાલમાં મદ્રાસ હાર્ટનું ઓપરેશન કરાવવાનું હતું. તેમની સાથે અમે ચાર જણા ગયા હતા. કોઈને ઓળખીએ નહીં પણ ભગવાન આપણા છે ને ! હરિપ્રસાદસ્વામીજીના હરિભક્તના ઘરે રહ્યાં. ૧લી સપ્ટેમ્બરે તારાબેન હૉસ્પિટલેથી મદ્રાસમાં પૂ.સવિતાબેનના ઘરે આવી ગયેલા. પપ્પાજીના અમૃતપર્વનો દિવસ. અમે આજુબાજુના થોડાને બોલાવ્યા હતા. ૧૦-૧૨ જણા આવશે એમ માની સવિતાબેને ૧૦-૧૫ લાડુ બનાવ્યા. ધીરે ધીરે મહેમાનો વધવા લાગ્યા. મને ચિંતા થઈ. લાડુ ઢાંક્યા હતા. પણ ડબ્બો તો ભરેલો જ રહ્યો. આપણા મગજમાં હોય પણ નહીં કે આવો ચમત્કાર થાય. પણ તે બેને ભાવથી બનાવ્યા હશે તો પપ્પાજીએ લાડુની પૂરણી કરી. એમાં તારાબેનની પણ પ્રાર્થના હશે જ. તે ભગવાનમય હતા તો આ પપ્પાજીએ શક્ય કર્યું.

જ્યોતમાં પહેલો સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થયો ત્યારથી છેક ૧૯૮૦ની સાલ સુધીના બધા કાર્યક્રમો તારાબેનના તબલા પર કર્યા છે....

સંપ, સુહૃદભાવ, એકતા રાખીએ તો પ્રભુ રાજી થાય. આપણે ભગવાનને કર્તાહર્તા માનવા છે જ. તારાબેને કર્તાહર્તા માન્યા. તેમણે બહુ વિચરણ નથી કર્યું પણ પ્રાર્થના ને સંકલ્પથી બધાનું જતન કર્યું છે.

આપણે પોકાર કરીએ તો ભગવાન બેસી નથી રહેતા. એ કામ કરે જ છે. દિલથી પ્રાર્થના કરીએ તો એ સાંભળે જ છે. પપ્પાજી ને મોટેરા મળ્યા, ન્યાલ થઈ ગયા. પપ્પાજી ! તમે અમારા પર અનહદ કૃપા કરી છે. આખો ગુણાતીત સમાજ તમારા ચરણમાં ને શરણમાં છે તો સૌને પરમ ભાગવત સંત બનાવજો. એકાંતિક ધર્મ સિદ્ધ કરાવજો.

**આશીર્દાન પ.પૂ.તારાબેન :** ૧૯૫૨ની સાલ. ત્યારે પપ્પાજી કોઈ ભવ્ય સંકલ્પ લઈને મંડ્યા. જોગીમહારાજે તો સંકલ્પ કરેલો જ. સ્ટેજ પર જ્યારે જે પાત્રને આવવાનું હોય તે ત્યારે જ આવે. તેવું જ આ ભગવાને કર્યું. એમણે પાર્ટ ભજવવાનું શરૂ કર્યું. તેમાં આપણો નંબર લાગી ગયો. તે મોટી વાત થઈ ગઈ. એમણે આપણને શોધી કાઢ્યા. આપણામાં તો કાંઈ નો'તું. તે મળ્યા તેમાં આપણી પૂર્ણાહુતિ થઈ ગઈ. એ જ બધું કરે છે ને કરશે. એમના બધા કેવળ નિર્દોષ એમ માનીએ. આપણા મન, ઈન્દ્રિયો માનવા દે તેવા નથી. અઘરું છે. પણ પરાણે માનીએ. ટેવ પાડીએ. વ્યાપકમાં શ્યામને નિરંતર જોવા છે. જોગ મળ્યો છે. આવું ભવ્ય ગુણાતીત સ્વરૂપ મળ્યું છે. એમને તો બા-બેન જેવા બનાવવા છે. ભરેલા રહીએ તો કાંઈ દેખાવાનું છે ? આવા સ્વરૂપના બળે થઈ શકશે. ભર્યા રહેવાની ટેવ પાડવાની છે. બધામાં એ તત્ત્વ કેટલું છે ! તે જોઈએ. નાના ગુણને મોટો કરીને ગાઈએ. આપણે કોઈનો દોષ કાંઈ ટાળી શકવાના છીએ ? નથી ટાળી શકવાના માટે કોઈના કાજી થવાની જરૂર નથી. આપણી દાઢી ઓલવી લઈએ. ને સુખિયા થઈ જઈએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી :** ગુણાતીત સમાજની સ્થાપના કરવા માટે આધ્યાત્મિક દોરવણી બધાને આપે તેવા અનાદિ મુક્તોને જોગીમહારાજ સાથે લઈને આવ્યા. આધ્યાત્મિક જીવન પોતે જીવે એમની સાથે રસબસતા રાખે ને પ્રેરણા કરે. જીવ્યા પછી વાત કરીએ તે કથા કહેવાય. સાધક અવસ્થામાં માણસની માફક વર્તે. તારાબેન, જ્યોતિબેને ૧૯-૨૦ વર્ષની ઉંમરે ભગવાન ભજવાનું નક્કી કર્યું. પૂર્વના હશે. મહારાજને પોતાને કાંઈ કામ કરવું હોય ત્યારે બધા મુક્તોને લઈને આવે. કુંવારા રહીને ભગવાન ભજવાની વાત કોઈના માન્યામાં જ ન આવે. ને જોગી મહારાજને કરવું જ હતું. એ એમનો સંકલ્પ હતો. એમણે સ્પેશ્યલ કૃપા કરી. નહીંતર જગતની માયા ને મહામાયા એવી હતી કે કોઈ એની સામે ટક્કર ઝીલી

ન શકે. સત્સંગના જ મોટા મોટા મુક્તોએ તારાબેનનો વિવાહ નક્કી કર્યો. તારાબેને એમને ય લખી દીધું કે 'ડોન્ટ પ્લે વીથ ફાયર.' તે દિવસે વ્રત લેવાના ને એવું કાંઈ કશું હતું નહીં. આ લોકોએ ભગવાન ભજવાનું ને ભજાવવાનું નક્કી કરી નાખ્યું. બાપાનો પ્રતાપ ! નહીંતર મુક્તોની સામે ના પાડવી એટલે કેટલું અઘરું કામ ! પણ બધા માની ગયા. બાપાએ ય હા પાડી. શૂરવીરતાથી ભગવાન ભજવા માંડ્યા ને હંસાબેન, દેવીબેન આવીને મળ્યા. જ્યોતની શરૂઆત થઈ. બેઠી તાકાત જ્યોતિબેન ને તારાબેને બતાવી. સેવા ને દ્રઢ નિશ્ચય. તો અત્યારે જોઈએ છે કે સાચે દેવળે ઘંટ વાગ્યો. બહેનો પણ વીજળી જેવા સંત બની શકે છે. મહારાજે વચનામૃતમાં લખ્યું છે. મહારાજની લાજ આ લોકોએ રાખી. જો બહેનો છેલ્લાના ૨૬ જેવી તૈયાર ના થઈ હોત તો મહારાજની લાજ જતી રહેત કે મહારાજ ગપોડિયા છે. આવું લખી ગ્યા ! પણ મહારાજની લાજ સાચવી. એવા આ ચાર બહેનો. ત્યારપછી તો ઘણા થયા છે. પણ આ ચાર તો આપણા સત્સંગના, જ્યોતના થાંભલા. આવા ગુણાતીત સ્વરૂપોના સ્તંભ ઉપર ગુણાતીત જ્યોતની રચના થઈ છે. હવે તો આ બધા ય સુખે સુખે સાધના કરે અને એમના જેવું સુખ ભોગવે. એમના વખતમાં માયા બહુ વિફરેલી હતી તેથી ભજન બહુ કરવું પડે એવા સંજોગો હતા. ભજન કરવા માટે મહારાજે મદદ કરવી પડી હતી. અત્યારે માયા ગુણકારી બની ગઈ. તે દિવસથી એક સ્ટાન્ડર્ડ રાખ્યું – ભજીએ છીએ ? સર્વોપરી પુરુષોત્તમનારાયણ મળ્યા છે ? – હા. એના આધારે જીવવું છે ? હા. તો શરૂ કરો. ને જોગીમહારાજમાં શ્રદ્ધા રાખી મંડી પડ્યા. અત્યારે સાચા દેવળે ઘંટ વાગ્યો ને અનંતને ટાઢું કરે એવા, ભગવાનનું કામ કરે એવા પાકી ગયા. જે જે બહેનો ભગવાનને અર્થે જીવવા માંડ્યા છે, ગૃહી–ત્યાગી જે જ્યાં હોઈ ત્યાં એ સુખ, શાંતિ ને આનંદથી ભજે, એવા જે જોગીમહારાજે આશીર્વાદ આપેલા તે ફળે તેના માટે આ સ્વરૂપો અંતરના આશીર્વાદ વરસાવે. જે સ્થિતિ કરવા માંગે તે સુખે સુખે કરી શકે એ જ આજના દિવસે પ્રાર્થના ને આશીર્વાદ.

આમ ગુરુહરિ પપ્પાજીના આશીર્વાદ બાદ સભાનું સમાપન થયું.

---

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ પરમ એકાંતિક આદર્શ ગૃહસ્થ સંત સ્વરૂપ પૂ.ચંપાબેન પૂનમભાઈ પટેલ તા.૨૭.૧.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ.ચંપાભાભી પૂર્વના શ્રીજી સંબંધ પામેલા જ હતાં. તેમના જન્મથી ઘરની પરિસ્થિતિ સારી થઈ હતી તેથી સૌ તેમને લાડકોડથી વધાવતા. પોતે મિલનસાર અને પ્રેમાળ સ્વભાવના હતા. ખાનદાન અને સદ્‌ગુણોભર્યું ભક્તિસભર જીવન હતું. શ્રી યોગીજીમહારાજની કૃપાથી ૧૯૫૫માં સાધુસ્વરૂપ પ.પૂ.પૂનમભાઈ સાથે ૧૩ વર્ષની વયે પ્રભુતામાં પગલા માંડ્યા. ખૂબ સમજદારીથી,



પ્રેમભાવે સૌ સાથે હળીમળીને સાસરીમાં રહ્યાં. તેઓ ઘરમાં મોટા હતાં. તો સૌની મા બનીને જીવ્યાં. સૌ પોતાના પગભર થયા ત્યાં સુધી જતન કર્યું. તેમના બંને પુત્રો પૂ.નરેન્દ્રભાઈ, પૂ.મુકેશભાઈનું સરસ રીતે જતન કર્યું.

પૂ.પૂનમભાઈનો અભ્યાસ ચાલુ હતો તેથી તેઓ બહાર રહેતા હતા. પ.પૂ.સાહેબજીનો યોગ થયો. દિવ્ય મૈત્રી થઈ ગઈ. જોગીબાપાની રુચિ અને અભિપ્રાયની ભક્તિમાં પ.પૂ.સાહેબજી સાથે પૂ.પૂનમભાઈ પણ ભળ્યા. સત્સંગનો રંગ લાગતા ભગવાન ભજવાનું ઉદય થયું. તેમાં પૂનમભાઈને સાથ, સહકાર આપી તેમની રુચિમાં તેઓ ભળી ગયાં. ૧૯૬૭માં પૂનમભાઈએ વ્રત લઈ સાધુનો માર્ગ અપનાવ્યો. બે વર્ષ પછી ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બાના સંકલ્પે વિદ્યાનગર આવવાનું થયું. પ.પૂ.દેવીબેનને ગુરુપદે સ્વીકાર્યા. ને પ્રત્યક્ષ સ્વરૂપની પરિપક્વ દ્રઢ નિષ્ઠા થઈ ગઈ. વેસ્ટર્ન રેલ્વેમાં

રહેવાનું ગોઠવાયું. પૂ.દયાભાભી ને તેમની બે દીકરીઓ અને પૂ.ચંપાભાભી અને તેમના બે દીકરાઓ આમ બંને કુટુંબ હળીમળીને વર્ષો સુધી રહ્યા. દીકરાઓ મોટા થતાં તેઓએ ભગવાન ભજવાનો રાહ સ્વીકાર્યો. તેમાં પણ ચંપાભાભી ભળી ગયાં. આમ પૂનમભાઈ, નરેન્દ્રભાઈ, મુકેશભાઈ ત્રણેય અનુપમ મિશનમાં સાહેબજીની નિશ્રામાં પ્રભુ ભજવામાં જોડાઈ ગયા. ચંપાભાભીએ જીવનમાં પ્રભુના બળે, પ્રીતિએયુક્ત સમર્પણ કર્યું. ધન્ય છે તેમના માતૃહૃદયને !

પોતે દયાળુ, આનંદી, રાંક ને સરળ હતાં તો કોઈ પ્રશ્નો થયા નથી. સેવામાં સદાય રત રહ્યાં છે. ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.દેવીબેનના વચને માહાત્મ્યેયુક્ત નિષ્ઠાપૂર્વક રસોડાની સેવા, કોઠારની સેવા, શાકભાજીની સેવા, દવાખાનામાં પેશન્ટ સાથે જવાનું હોય તો સદાય તૈયાર જ હોય. પેશન્ટની ઉત્તમ સુશ્રુષા કરીને રાજી રાજી કરી લેતાં. પોતાને કોઈપણ જાતની અપેક્ષા નહીં તો કોઈનીય ઉપેક્ષાય નહીં. સર્વદેશીયતાથી સર્વની મહિમાથી નિર્દોષબુદ્ધિ રાખીને સેવા કરી લેતાં.

ચંપાભાભીને પપ્પાજીને જમાડવાનો ખૂબ ભાવ. તો પપ્પાજી સામેથી તેમનો ભાવ ગ્રહણ કરતા. એમનું મોઢું ક્યારેય પડેલું જોયું નથી. તેમનો આત્માનો આનંદ સદાય વધતો રહે તેવું જીવન હતું. બીજાને આપીને રાજી રહેવું તેવો તેમનો સ્વભાવ હતો. કોઈપણ જગ્યા હોય કે સેવા હોય તેમાં એડજસ્ટ થઈ જતાં.

તો બધા જ ગુરુસ્વરૂપો સાથે આગવો સંબંધ ધરાવતાં. પ.પૂ.બા, પ.પૂ.બેન, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.તારાબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ. જસુબેન, પ.પૂ.પદુબેન અને સ્વરૂપો સાથે આત્મીયતાથી ભેદરહિત દ્રષ્ટિ રાખીને વર્ત્યા છે. પપ્પાજી જેવો જ મહિમા સૌ સ્વરૂપોનો સમજતાં. પોતે જીવનભર પ.પૂ.દેવીબેન, પ.પૂ.શોભનાબેન, પૂ.ઉર્મિબેનના વચને જીવ્યાં છે. તેઓનું બહુ માન રાખી, પ્રભુના ભાવે સેવન કર્યું છે. વિદ્યાનગર મહિલા મંડળની અઠવાડિક સભામાં પોતે આગળ રહેતાં. જેમાં ભાગ લેવાનો થાય તે અહોહોભાવે લેતાં. સર્વ મંડળના મુક્તો માટે મહાપૂજામાં પ્રાર્થના કરીને જતન કરતાં. ચંપાભાભીને દયાભાભી સાથે આગવો નાતો હતો. એકતાથી હળીમળીને રહ્યાં છે. તેમના આખા કુટુંબના સભ્યોને તેમજ તેમના સંબંધમાં જે જે આવ્યા તે સૌને પપ્પાજી અને સ્વરૂપોનો મહિમા સમજાવ્યો છે. પ્રાર્થનાથી અનુભવ કરવાની સૂઝ આપી, પ્રભુને ઉપાયભૂત કરતાં શીખવ્યું છે. તેમની બે ભાણીઓ પૂ.ભાવનાબેન, પૂ.ભગિનીબેન જ્યોતમાં ભગવાન ભજી રહ્યાં છે. ધન્ય છે આ દિવ્ય માવતર ચંપાભાભી અને પૂનમભાઈને કે પોતે તો પ્રભુને ઓળખ્યા ને સંબંધમાં આવ્યા તે સૌને ઓળખાવ્યા.

એવા ચંપાભાભીએ છેલ્લા થોડાક દિવસથી સામાન્ય બીમારી ગ્રહણ કરી હતી. તેમને કરમસદ હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. પોતે ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.દેવીબેનમાં લયલીન રહેતાં ને કહેતાં કે, 'મને જ્યોતમાં લઈ જાવ.' આમ વારંવાર કહેતા. તા.૨૭.૧.૨૦૨૨ના સાંજે હૉસ્પિટલમાંથી ડીસ્ચાર્જ અપાવી, તેમના નિવાસસ્થાને લાવ્યા. ને પોતે ઘરે આવ્યાનો એવો સંતોષ અનુભવ્યો હશે તો આ દિવસે રાત્રે ૮:૧૫ વાગ્યે દેહ લીલા સંકેલી લીધી.

તા.૨૮મીના ગુરુહરિ પપ્પાજીના શાશ્વત સ્મૃતિદિન ને એકાદશીના પવિત્ર દિને પોતાના નિવાસસ્થાન, આશિષભુવનના ચોકમાં પ.પૂ.માયાબેન, પ.પૂ.તરુબેન, પૂ.ઉર્મિબેન તથા જ્યોતના બહેનો, સ્થાનિક ગુણાતીત પ્રકાશના ભાઈઓ, વિદ્યાનગર મહિલા મંડળના બહેનો તથા સગાસંબંધીઓ તથા બ્રહ્મજ્યોતિથી પધારેલા પ.પૂ.અશ્વિનભાઈ, પ.પૂ.શાંતિભાઈ, પ.પૂ.રતિભાઈ અને સાધકભાઈઓની દિવ્ય સંનિધિમાં પૂજન, મંત્રપુષ્પાંજલિ, આરતી આર્ત હૃદયે કરી, ભાવાંજલિ અર્પી.

તા.૨૯-૩૦ ફેબ્રુઆરીના જ્યોતમાં પારાયણની સભા કરી. જેમાં જ્યોતના બહેનોએ તેમનો મહિમા અને કાર્યનું દર્શન કરાવ્યું. તા.૩૧મીએ પારાયણની પૂર્ણાહુતિ કરી. ત્યાર બાદ ગુણાતીત જ્યોતના બહેનો અને સ્થાનિક મહિલા મંડળના મુક્તોની હાજરીમાં

મહાપૂજા કરી પ્રાર્થના અને અંજલિભાવ ધર્યા. ત્યાર બાદ પ.પૂ.દીદીએ ચંપાભાભી સાથેના સંબંધની સ્મૃતિઓ તેમજ શરૂઆતથી ચંપાભાભી અને પૂનમભાઈ પ્રભુના કાર્યમાં ભળ્યા તેનું દર્શન કરાવ્યું. અંતમાં ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ માણ્યા.

કોટિ કોટિ વંદન છે ચંપાભાભીને કે, જીવન ધન્ય કર્યું. ને ગૃહસ્થો ને સાધકોને ઉત્તમ આદર્શ પૂરો પાડ્યો એવા ચંપાભાભીને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ.

**★ મથુરાના વતની હાલ વડોદરા નિવાસી નિષ્ઠાવાન હરિભક્ત પૂ.ધર્મિષ્ઠાબેન રામપ્રકાશભાઈ અગ્રવાલ તા.૫.૨.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.**



આખું કુટુંબ પ્રત્યક્ષની નિષ્ઠા અને આશરાવાળું. અંતરમાં પ્રત્યક્ષને જ પૂજે. આખું અગ્રવાલ કુટુંબ પ.પૂ.કાકાજીની દ્રષ્ટિવાળું. કાકાજીએ તેઓના કુટુંબને પ.પૂ.બેન ગુરુ તરીકે આપ્યા. પૂ.ધર્મિષ્ઠાબેનને પ.પૂ.બેનમાં સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ હતાં. બેનના દરેક વચન તન, મન, ધન અને આત્મા પરોવી અધ્ધર ઝીલી લેતા. તેમને મહાપૂજામાં ખૂબ જ શ્રદ્ધા હતી. કંઈપણ કાર્ય કરાવવું હોય, સારા-માઠા પ્રસંગે બીજા-ત્રીજા ઉપાય ન લેતા મહાપૂજાની માનતા માને. ને તેમના દરેક કાર્યો સરસ રીતે પાર પડતા. તન, મન, ધનથી પણ સેવા કરતા. ધર્મિષ્ઠાબેનની તબિયત નાજુક રહેતી. છતાં પણ તેઓ મોગરી રહેતા ત્યારે ભાભીમંડળની સભામાં નિયમિત હાજર રહેતા.

પોતાના સંતાનોને પણ સત્સંગ કરાવ્યો છે. પૂ.મનોજભાઈ ને પુત્રવધુ પૂ.હેમાબેનને પણ પ્રત્યક્ષની નિષ્ઠા ને આશરો છે. દીકરી પૂ.શીખાબેનના કુટુંબને પણ સત્સંગની નિષ્ઠા કરાવી છે. પ્રત્યક્ષની ભક્તિ, સમર્પણયુક્ત જીવનની ધન્યતા માણી પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા એવા પૂ.ધર્મિષ્ઠાબેનને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ.

## ગુણાતીત જ્યોતનું ગૌરવ




ગુરુહરિ પપ્પાજી મહારાજ, પૂ.ઈન્દુબેન અને પ્રત્યક્ષ સ્વરૂપોની અસીમ કૃપા અને આશીર્વાદથી અમદાવાદ મંડળના નિષ્ઠાવાન યુવક પૂ.ચિન્મયભાઈ પ્રફુલ્લભાઈ ઠક્કરને BBA with Marketing specialization, Gujarat Universityમાં ૨ ગોલ્ડ મેડલ (શ્રી કે. સી.પરીખ મેડલ, શ્રી કનૈયાલાલ મોતીલાલ ચંદ્રક) પ્રાપ્ત થયા છે. એ ચિન્મયભાઈને સૌ સ્વરૂપો, બહેનો અને ગુણાતીત પ્રકાશના ભાઈઓ અભિનંદન પાઠવે છે.હજુ પણ આગળ વધુ ને વધુ પ્રગતિ કરી છતીંદેહે અક્ષરધામનું સુખ ભોગવે તેવી પ્રાર્થના છે.

### નિર્ણય

★ એકાદશી :
મહા વદ-૧૧, રવિવાર, તા.૨૭.૨.૨૦૨૨

★ અક્ષરરાત્રિ, પ.પૂ.જ્યોતિબેનની પ્રાગટ્યતિથિ :
મંગળવાર, તા.૧.૩.૨૦૨૨

★ એકાદશી :
ફાગણ સુદ-૧૧, સોમવાર, તા.૧૪.૩.૨૦૨૨


★ બ્ર.સ્વ.ભગતજીમહારાજ જયંતી, હુતાશની :
ફાગણ સુદ - ૧૪/૧૫, ગુરુવાર, તા.૧૭.૩.૨૦૨૨

★ પ.પૂ.સાહેબજીનો પ્રાગટ્યદિન, ધૂળેટી :
ફાગણ સુદ - ૧૫, શુક્રવાર, તા.૧૮.૩.૨૦૨૨

To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2022-24**
**Lic Valid Upto: 31.12.2024**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT) :**
**Vallabh Vidyanagar MDG 388120**

## તા.૧૬.૨.૧૯૮૯ : પંચામૃત પ્રાગટ્યદિન



- ★ અખંડ જપયજ્ઞ કર્યા જ કરવો.
- ★ આ પળ નીરવ કે ધામરૂપ રહેવું છે. તે પળનો પથદર્શક પ્રભુ બને ને તે રીતે જીવવાનું બળ મળે.
- ★ આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સર્વમાં, સર્વ પળે, સર્વ પ્રસંગે રાખવી.
- ★ સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
- ★ કંઈપણ કોઈનુંય ખૂંચે તો ૧૫ મિનિટ મોટેથી સ્વામિનારાયણ મંત્ર બોલી પ્રાયશ્ચિત કરી લેવું.

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India